आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः

અમને સર્વે દિશાઓથી શુભ વિચારો પ્રાપ્ત થાઓ

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૭ | વર્ષ - ૪ | જાન્યુઆરી - ૨૦૨૫ (સળંગ અંક : ૪૨) www.dudhsagardairy.coop twitter.com/dudhsagardairy dudhsagardairyofficial youtube.com/c/DudhsagardairyCoop

# આવો સાથે મળીને સૌ સુખી થઈએ

# MILK DAY

## મહિલા જાગૃતિ કાર્યક્રમ – ૨૦૨૪



તા.23 ડિસેમ્બર 2024
પ્રથમ દિવસ

# દૂધસાગર કાર્યક્ષેત્રના કડી - કલોલ બ્લોક

## આશરે ૧૩૦૦ થી વધુ પશુપાલનથી જોડાયેલા લોકોની ઉપસ્થિતી વચ્ચે મહિલા પશુપાલકોની ૫૦% થી વધુ હાજરી સ્વસ્થ સહકારીતાને શોભા આપી રહી હતી.




મહેસાણા દૂધસાગર ડેરી આયોજીત મિલ્ક ડે (દૂધ દિવસ) અને મહિલા જાગૃત દિવસની શુભ શરુઆત તા.23 ડિસેમ્બર અને સોમવારના રોજ કરવામાં આવી ત્યારે શિયાળાની ફુલ ગુલાબી ઠંડી અને વાદળછાયા વાતાવરણ વચ્ચે કડી કલોલ બ્લોકના મંડળીઓના પ્રતિનીધી અને પશુપાલક મિત્રો સાથે મહિલા પશુપાલકોની હાજરી ઉડીને આંખે વળગતી હતી. આજે જાણે દૂધસાગર ડેરીના અસલી માલિકો અને હકદારો પોતાની ડેરીને વર્ષના અંતિમ મહિનામાં જાણવા અને ઓળખવા તથા વહિવટદારોની કાર્યશૈલીનું સુપર વિઝન કરવા આવ્યા હોય તેવું લાગી રહ્યું હતું. દૂધસાગર ડેરીનો માનસિંહભાઈ પૃ. પટેલ હોલ ખિચોખીચ ભરાઈ ચૂક્યો હતો. આશરે 1300 થી વધુ પશુપાલનથી જોડાયેલા લોકોની ઉપસ્થિતી વચ્ચે મહિલા પશુપાલકોની 50% થી વધુ હાજરી સ્વસ્થ સહકારીતાને શોભા આપી રહી હતી. પશુપાલકોના સ્વાગત માટે ચા-પાણી અને નાસ્તા સાથે દૂધસાગર તેમનું સ્વાગત કરી રહી હતી અને દૂધ મંડળીઓ તથા વ્યકિતગત પશુપાલક દૂધક્ષેત્રના છેલ્લામાં છેલ્લા વૈજ્ઞાનિક અભિગમો સાથે બજારમાં આવેલા નવા ઉત્પાદનો તથા તેની કાર્યશૈલીને સમજી શકે તે માટે ડેરીના પ્રાંગણમાં એક પ્રદર્શિનીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

ત્યાર બાદનો સમય હતો, પશુપાલકોએ જેમને પોતાનો કિંમતી મત આપી ડેરીનું પ્રતિનિધીત્વ સોંપ્યું છે તેવા ચેરમેનશ્રી અને પોતાના વિસ્તારના નિયામક મંડળના સભ્યો પાસેથી ડેરીની આજની વાસ્તવિકતા જાણવાનો સમય !! ડેરી હોલ પોતાના અસલી માલિકોથી ઉભરાઈ ચૂક્યો હતો અને દૂધસાગરના વેટરનરી વિભાગે પોતાની સેવાઓ - નવા આવિષ્કાર અને પશુપાલકોએ કેવી અને કઈ કાર્ય પધ્ધતિ અપનાવવી જોઈએ તેની વિસ્તૃતમાં સમજ આપી ત્યારબાદ દૂધસાગર ડેરીના ED શ્રી પ્રવિણકુમાર બામ્ભીએ કોમ્પ્યુટર સ્ક્રિન ઉપર આધાર પુરાવાઓ સાથે ડેરીની ગતિ પ્રગતિ અંગે પશુપાલકોને અવગત કર્યા. દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ પદે આયોજીત આ મિલ્ક ડે ના સન્માનિત મંચ ઉપર ડેરીના વાઈસ ચેરમેનશ્રી. યોગેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી. રાયમલભાઈ દેસાઈ, બળદેવભાઈ ચૌધરી, જબુબેન મનુજી ઠાકોર, દૂરડાના ડિરેક્ટરશ્રી ભુલાભાઈ દેસાઈ, બફેલો બિડર્સના ડિરેક્ટરશ્રી. નરેન્દ્રસિંહ વાઘેલા, પૂર્વ ડિરેક્ટરશ્રી. જેઠાજી ઠાકોર, MIDFT ના ડિરેક્ટર્સશ્રી. રણજીતસિંહ ઠાકોર, પૂર્વ ડિરેક્ટર્સ શ્રી. નૈલેષભાઈ શાહ, કડી APMC ના વાઈસ ચેરમેનશ્રી . હિમાંશુભાઈ ખમાર અને સંકલન સમિતીના સભ્યશ્રી. અરવિંદભાઈ પ્રજાપતિ હાજર રહ્યા હતા. પોતાના પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાના વાઈસ ચેરમેનશ્રી. યોગેશભાઈ પટેલે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી, નિયામક મંડળ અને કર્મચારીઓ તથા અધિકારીઓની કાર્યશૈલીના ભરપુર વખાણ કરી સ્થાનિક દૂધ મંડળીઓના સભાસદો જાગૃત બને અને દૂધસાગરની જેમ દૂધ મંડળીઓ પણ વધુમાં વધુ લાભ પશુપાલકોને આપે તેવી માર્મિક ટકોર કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડેરીના સી.એસ. વિભાગ તરફથી કરાયું હતું.

સમારંભના અંતે પોતાના અધ્યક્ષ પદ હેઠળના સંબોધનમાં શ્રી. અશોકભાઈ ચૌધરીએ પોતાના શાસનના ચાર વર્ષનો હિસાબ આપતાં પશુપાલકો સમક્ષ પોતાના અંતરઆત્માથી વાત કરતાં જણાવ્યું કે ; વિતેલા ચાર વર્ષોમાં અમે દર મહિને નિયમીત બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠક કરી છે અને સાચા મનોમંથન માટે દરેક બેઠક કલાકોના કલાકો સુધી પારદર્શીતાથી ચાલી છે. સમગ્ર નિયામક મંડળ માટે આ બેઠકમાં પશુપાલક અને પશુપાલકનું હિત જ કેન્દ્ર સ્થાને રાખ્યું છે અને ત્યારે જ અગાઉ ચાર ટકા જેટલો મળતો વાર્ષિક ભાવવધારો સોળ ટકા સુધી લઈ જઈ શક્યા છીએ. દૂધની આવક હોય - ડેરીનું ટર્ન ઓવર હોય - નવા નવા દૂધના ઉત્પાદનો હોય કે ડેરીના ભવિષ્યની વાત હોય તે તમામમાં અમે લોકો જે દશ વર્ષમાં નથી થયું તે ચાર વર્ષમાં કરવામાં સફળ રહ્યા છીએ એનું મૂળ કારણ એ છે કે ; જે માતાઓ બહેનો આવી શિયાળાની કડકડતી ઠંડીમાં પરોઢીએ ચાર વાગ્યે પરસેવો પાડતી હોય તેમના ભાગનો એક પૈસો પણ વેડફાય તો ભગવાન પણ અમને માફ ના કરે !!!! બસ આ એક જ પ્રાર્થનાએ અમને જાગૃત રાખ્યા છે અને કામ કરવાનું ઈશ્વરીય બળ પુરુ પાડ્યું છે. મિલ્ક ડે ના આ સમારંભમાં કડી અને કલોલ વિભાગના સૌથી શ્રેષ્ઠ દશ દૂધ ઉત્પાદકોને સંસ્થા તરફથી સાલ - પ્રમાણપત્ર અને મોતીબાપુના જીવનનો શબ્દ દેહ પ્રગટ કરતી પુસ્તિકા "શબ્દમોતી" થી સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમને અંતે જેમ ઉજાણી હોય તેમ બધા પશુપાલક ભાઈ બહેનોએ સાથે જમણવાર કરી દૂધસાગરના આંગણે બિરાજમાન શિવસાગર મહાદેવના આર્શિવાદ પ્રાપ્ત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમ ખૂબજ ઉમદા અને સ્વસ્થ વાતાવરણમાં પૂર્ણ થવા પામ્યો હતો.

**માતાઓ બહેનો આવી શિયાળાની કડકડતી ઠંડીમાં પરોઢીએ ચાર વાગ્યે પરસેવો પાડતી હોય તેમના ભાગનો એક પૈસો પણ વેડફાય તો ભગવાન પણ અમને માફ ના કરે : અશોકભાઈ ચૌધરી**

# મિલ્ક ડે ના સન્માનીત કડી-કલોલના શ્રેષ્ઠ પશુપાલકો

**કડી**

| | | | |
|---|---|---|---|
| ૧ | શામંતભાઈ એમ. ભરવાડ | ગલોદરા | ૭૧,૪૦,૦૫૭ રૂા. |
| ૨ | કોકીલાબેન વી. પટેલ | કૈયલ | ૫૬,૮૧,૧૨૨ રૂા. |
| ૩ | હેતલબેન એમ. પટેલ | કૈયલ | ૫૨,૯૬,૪૭૯ રૂા. |
| ૪ | કેતનભાઈ આર. પટેલ | કૈયલ | ૪૩,૦૩,૬૦૨ રૂા. |
| ૫ | સેજલબેન ડી. દેસાઈ | કરજીસણ | ૪૦,૩૮,૮૮૦ રૂા. |
| ૬ | ઘનશ્યામભાઈ કે. પટેલ | કૈયલ | ૪૦,૦૨,૬૭૪ રૂા. |
| ૭ | હેતલબેન વી. પટેલ | કૈયલ | ૩૨,૫૮,૨૭૬ રૂા. |
| ૮ | રાજુભાઈ વી. રબારી | ઉંટવા | ૨૬,૨૬,૧૫૪ રૂા. |
| ૯ | રવિભાઈ જી. રબારી | સેદરડી | ૨૫,૬૮,૦૯૭ રૂા. |
| ૧૦ | મફાભાઈ આર. રબારી | કૈયલ | ૨૫,૬૫,૩૩૨ રૂા. |

**કલોલ**

| | | | |
|---|---|---|---|
| ૧ | અશોકભાઈ ડી. પટેલ | ગોઝારીયા | ૬૯,૧૬,૦૮૨ રૂા. |
| ૨ | સેંધાભાઈ વી. ચૌધરી | દેવીતપુરા | ૬૮,૦૩,૬૬૭ રૂા. |
| ૩ | જીગ્નેશભાઈ વી. પટેલ | મુબારકપુર | ૫૮,૪૬,૨૯૯ રૂા. |
| ૪ | હસમુખભાઈ એમ. ચૌધરી | બાલવા | ૫૦,૩૬,૦૭૦ રૂા. |
| ૫ | મિત્તલબેન બી. પટેલ | લાંઘણજ | ૩૯,૧૨,૧૪૧ રૂા. |
| ૬ | મહેશભાઈ એસ. પટેલ | અરજણપુરા | ૩૪,૮૭,૨૬૪ રૂા. |
| ૭ | શૈલેષભાઈ કે. પટેલ | મુબારકપુર | ૩૧,૯૦,૩૫૪ રૂા. |
| ૮ | મુળજીભાઈ કે. દેસાઈ | ઈન્દ્રાડ | ૨૯,૭૨,૧૫૦ રૂા. |
| ૯ | લીલાબેન કે. પટેલ | અરજણપુરા | ૨૯,૩૬,૦૯૦ રૂા. |
| ૧૦ | મુકેશભાઈ બી. પટેલ | લાંઘણજ | ૨૮,૭૩,૧૯૯ રૂા. |

પરિશ્રમ ની પૂજા





















તા.૨૪ ડિસેમ્બર ૨૦૨૪
બીજો દિવસ

# દૂધસાગર કાર્યક્ષેત્રના ચાણસ્મા - હારીજ બ્લોક

## આ ડેરીનું ખાતમુહુર્ત કોઈ શુકનવંતા સમયે થયું હશે એટલે ડેરી પોતાનો સંચાલક જાતે શોધી પોતાની પ્રગતિનો માર્ગ પોતે નક્કી કરે છે : અમરતભાઈ દેસાઈ



મહેસાણા દૂધસાગર ડેરી માટે દિપાવલી જેવો પવિત્ર અને ઉલ્લાસ સભર તહેવાર એટલે વર્ષમાં એક વાર ઉજવાતા અહીંના દૂધ દિવસ !! જુદા જુદા વિસ્તારોના પશુપાલકોની ઉમંગ સભર હાજરી વચ્ચે ડેરીમાં જાણે નવા પ્રાણનો સંચાર થઈ રહ્યો હોય તેવું સ્પષ્ટ મહેસુસ થાય છે. એમાંય આ વખતના મિલ્ક ડે એટલે મહિલા પશુપાલકોની એટલી બધી વિશાળ હાજરી કે જાણે અનેક બહેનો પોતાના પિયરમાં આવીને રાજી થતી હોય અને દૂધસાગર નામની આ માં પોતાની દિકરીઓને આવકારતી હોય તેવું ભવ્ય અને દિવ્ય વાતાવરણનું સવારથી જ સર્જન થવા લાગે છે. મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ દ્વારા આયોજીત આ મિલ્ક ડે ના બીજા દિવસે ચાણસ્મા અને હારીજ બ્લોકના 1200 થી વધુ પશુપાલક ભાઈઓ - બહેનો અને મંડળીઓના પ્રતિનીધીઓએ પોતાની હાજરી નોંધાવી હતી. વિજ્ઞાનના માર્ગે આગળ - આપણી દૂધસાગર એ થીમ હેઠળ ઉજવાતા આ દિવસોમાં પશુપાલકો





માટે રોજબરોજ વપરાશમાં લેવાતા ઉત્પાદનોની પ્રદર્શની મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની હતી. બંને બ્લોકના આ દૂધ ઉત્પાદકોને પશુપાલનના વ્યવસાયમાં - પશુ સ્વાસ્થને લઈ લેવી પડતી કાળજીઓ અને વિજ્ઞાનના સહારે માદા પશુઓ પેદા કરી ઓછા ખર્ચે વધુ દૂધ ઉત્પાદન કેમ થઈ શકે ? તેની વિસ્તૃત સમજ દૂધસાગરના વેટરનરી વિભાગ દ્વારા આપવામાં આવી હતી. તો, પશુપાલકો હાલ જે દૂધ - દૂધસાગરમાં મોકલાવી રહ્યા છે. તેના વિવિધ ઉત્પાદનો થકી ડેરી કેવી રીતે કામ કરી રહી છે તેની જાણકારી પણ ઉચ્ચ અધિકારીઓ દ્વારા સાદી અને સરળ ભાષામાં LED સ્ક્રિન ઉપર દેખાય તે રીતે આપવામાં આવી હતી. સંસ્થાના ચેરમેનશ્રીની પ્રેરક ઉપસ્થિતી વચ્ચે સંસ્થાના પૂર્વ વાઈસ ચેરમેન શ્રી. અમરતભાઈ દેસાઈ, ડિરેક્ટર શ્રી. શકતાભાઈ ભરવાડ, દૂરડાના ડિરેક્ટરશ્રી. ઉપેન્દ્રભાઈ પટેલ, રમેશભાઈ જાદવ અને બફેલો બિડર્સના ડિરેક્ટરશ્રી. નરસિંહભાઈ ચૌધરી સહિત, MIDFT ના ડિરેક્ટર શ્રી. મુકેશભાઈ ભરવાડ અને APMC હારીજના પૂર્વ ચેરમેન શ્રી. કાનજીભાઈ દેસાઈ ઉપસ્થિત રહ્યા હતા. મિલ્ક ડે ના બીજા દિવસે ચાણસ્મા વિભાગના નિયામક મંડળના સદસ્ય અને દૂધસાગરના પૂર્વ વાઈસ ચેરમેન શ્રી. અમરતભાઈ દેસાઈએ

પોતાના પ્રાસંગિક પ્રવચનમાં ગામઠી અને આગવી શૈલીમાં ઉપસ્થિત પશુપાલકોને સંબોધતા જણાવ્યું કે ; આ ડેરીની સ્થાપના માનસિંહભાઈ સાહેબે કોઈ સારા ચોઘડિયામાં કરી હશે એટલે જ કોઈને કોઈ સારો માણસ ડેરીને બચાવી લે છે ! છેલ્લા દશ વર્ષમાં જે કામ નથી થયા એ અશોકભાઈ ચૌધરીના નેતૃત્વ હેઠળ અમારા નિયામક મંડળે વિતેલા ચાર વર્ષમાં કરી બતાવ્યા છે. આપણે બધા મજૂરી એટલા માટે કરીએ છીએ કે બે પૈસા વધારે મળે ત્યારે અમારા સમયમાં પશુપાલકોને સાચા અર્થમાં આ બે પૈસા વધારે મળ્યા છે. હું અશોકભાઈ ચૌધરી સાહેબની ઈમાનદારી અને સંસ્થા પ્રત્યેની વફાદારીને સારી રીતે જાણું છું અને એટલે જ મારા ઈષ્ટદેવ ગોગા મહારાજને પ્રાર્થના કરું છું કે અશોકભાઈ જેવા પવિત્ર માણસની આ સંસ્થામાં હજી જરુર છે અને તમારા બધાના સહકારથી મારા ગોગાના પણ તેમને આશિર્વાદ છે. સમારંભના અંતે પોતાના વિચારો રજુ કરતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીએ ડેરીની ઝીણામાં ઝીણી માહિતીથી પશુપાલકોને વાકેફ કર્યા હતા તથા સહકારના આ વિશાળ ક્ષેત્રમાં વ્યક્તિગત નહીં પણ સામૂહિક ઉધ્ધાર થાય તેવા પ્રયત્નો સતત થતા રહેશે તેની ખાત્રી આપી આ ડેરીના અંતરઆત્મામાં સૌથી પહેલાં પશુપાલકોનું હિત રહેલું છે તેવી વાત કરી દૂધ અને દૂધના ભાવવધારા માટે નિચ્ચીંત રહેવાનું અભય વચન આપ્યું હતું. સમારંભના અંતે અનેક પશુપાલક મહિલાઓએ ડેરી દર્શનનો પણ લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડેરીના સી.એસ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મિલ્ક ડે ના સન્માનીત ચાણસ્મા-હારીજ ના શ્રેષ્ઠ પશુપાલકો

| ચાણસ્મા | | | |
|---|---|---|---|
| ૧ | સેજલબેન કે. દેસાઈ | ઈટોદા | ૯૮,૧૦,૪૯૬ રૂા. |
| ૨ | નીતાબેન એલ. દેસાઈ | ફીંચડી | ૬૬,૩૪,૧૦૫ રૂા. |
| ૩ | કાન્તાબેન એસ. ચૌધરી | અર્બુદા મહિલા (ગંગાપુર) | ૩૫,૭૦,૬૪૩ રૂા. |
| ૪ | ગોવિંદજી તલાજી ઠાકોર | સુરજ | ૨૮,૦૯,૬૮૬ રૂા. |
| ૫ | ઈશ્વરભાઈ જી. દેસાઈ | સુરપુરા | ૨૬,૦૧,૧૪૦ રૂા. |
| ૬ | દિલીપભાઈ બી. ચૌધરી | બ્રાહ્મણવાડા | ૨૫,૪૬,૦૩૩ રૂા. |
| ૭ | હરીભાઈ એફ. ચૌધરી | ગંગાપુરા | ૨૫,૦૦,૭૦૦ રૂા. |
| ૮ | નટવરભાઈ સી. પટેલ | પલાસર | ૨૨,૫૬,૮૨૭ રૂા. |
| ૯ | અશ્વિનકુમાર આઈ. પટેલ | દેથળી | ૨૨,૩૭,૫૨૪ રૂા. |
| ૧૦ | લક્ષ્મીબેન એમ. દેસાઈ | ધરમોડા | ૨૦,૧૦,૮૮૨ રૂા. |

| હારીજ | | | |
|---|---|---|---|
| ૧ | શંકુબેન એચ. ચૌધરી | એકલવા | ૧૬,૯૬,૧૧૨ રૂા. |
| ૨ | દિલીપકુમાર જી. ચાવડા | ખરચરીયા | ૧૫,૫૩,૮૨૩ રૂા. |
| ૩ | જસવંતભાઈ જી. ભરવાડ | સમશેરપુરા | ૧૪,૭૫,૧૪૪ રૂા. |
| ૪ | રાજેશજી બી. ઠાકોર | રોડા | ૧૨,૫૯,૧૪૩ રૂા. |
| ૫ | ભરતજી વી. ઠાકોર | ઈસ્લામપુરા | ૧૨,૫૧,૧૩૧ રૂા. |
| ૬ | સાગરભાઈ એન. જોષી | ભદ્રાડા | ૧૨,૦૮,૭૬૫ રૂા. |
| ૭ | માલાભાઈ જે. રબારી | એકલવા | ૧૧,૮૨,૦૮૫ રૂા. |
| ૮ | ભગીબેન એલ. ઠાકોર | રોડા | ૧૧,૭૩,૧૭૧ રૂા. |
| ૯ | અરજણભાઈ બી. ભરવાડ | ઓરૂમણા | ૧૧,૬૩,૪૧૦ રૂા. |
| ૧૦ | મેઘાભાઈ આર. ચૌધરી | કાતરા | ૧૦,૯૧,૮૧૬ રૂા. |

પરિશ્રમ ની પૂજા





















તા.૨૬ ડિસેમ્બર ૨૦૨૪
ત્રીજો દિવસ

## દૂધસાગર કાર્યક્ષેત્રના પાટણ - સિદ્ધપુર બ્લોક

# ડેરીમાં દર વર્ષે ઉજવાતા આ દૂધ દિવસ માત્ર ખાવા - પીવા અને મળવા માટે નથી આ મનોમંથનના દિવસ છે - આપણે શું મેળવ્યું ? અને ભવિષ્યમાં શું મેળવવા માગીએ છીએ ? એની દિશા નક્કી કરવાના દિવસ છે : અશોકભાઈ ચૌધરી








### શ્રી રમેશભાઈ દેસાઈ (ડિરેક્ટરશ્રી)

કેવી કઠીન પરિસ્થિતિમાં તમે પશુપાલકોએ આપણા ચેરમેન સાહેબ અને અમને દૂધસાગરનો વહિવટ સોંપ્યો હતો. ચાર વર્ષ અગાઉ અનેક લોકો કહેતા હતા કે ; ડેરીને ખંભાતી તાળાં વાગી જાય તેવી દશા આવી છે ત્યારે ચાર વર્ષમાં અશોકભાઈના નેતૃત્વમાં અમે અથાગ પ્રયત્નો કરી ચૂંટણીમાં આપેલા તમામ વચનો પૂર્ણ કર્યા છે અને સચ્ચાઈ અને ધર્મના રસ્તા ઉપર અડિખમ ઉભા છીએ.



### શ્રી રણજીતસિંહ સોલંકી

પેલી મુસીબતના સંજોગોમાં ફસાયેલી બસના બધા મુસાફરો - એક પૂણ્યશાળી વ્યક્તિની હાજરીને કારણે સલામત હતા તેવી જ રીતે દૂધસાગર અશોકભાઈની ઉપસ્થિતીથી સુખી અને સલામત છે. હું દૂધસાગરના આજના વિકાસનો તમામ જશ સંસ્થાના ચેરમેનશ્રી અશોકભાઈને આપું છું. તેમની ટીમમાં હોવાથી અમારી શોભા અને પુણ્ય વધ્યા છે.



### શ્રી પ્રધાનજી ઠાકોર (ડિરેક્ટરશ્રી)

પેલા ડેરીમાં દૂધ ઘટી રહ્યું હતું એની ચિંતા હતી. ઘટતા દૂધ અને ઘટતા દૂધના ભાવોથી આખો ધંધો ખાડામાં જાય તેવી દશા હતી અને આજે ગયા વર્ષની આ તારીખ કરતાં આજની તારીખે રોજ બે લાખ લિટર દૂધ વધારે આવી રહ્યું છે. એજ વાત પુરવાર કરે છે કે ડેરીમાં અશોકભાઈ સાહેબના શાસનમાં બધું હમુંતરુ (બરાબર) ચાલી રહ્યું છે.



### શ્રી યોગેશભાઈ પટેલ (વાઈસ ચેરમેનશ્રી)

આપણા ચેરમેન સાહેબ પોતે પણ તબેલો ધરાવે છે અને સારી સારી ગાય ભેંસો રાખે છે એટલે પશુપાલકોનું દુખ દર્દ સમજી શકે તે સ્વાભાવિક છે. અશોકભાઈ સાહેબ મોર છે અને અમે તેમના પીંછા છીએ. જે નસીબદાર હોય તેમને અશોકભાઈ જેવા ચેરમેન મળે છે. દૂધસાગરનું નામ દેશમાં તો રોશન હતું પણ અમેરિકા સુધી આ ડેરીનું નામ રોશન કરનાર અશોકભાઈને આપણે આપીએ તેટલા અભિનંદન ઓછા પડે !!

**અહીં મંચ ઉપરથી મારા સાથી નિયામક મંડળના સભ્યોએ આ ચાર વર્ષની સફળતાનો જશ મને આપ્યો - પણ હું આ જશ મારા નિયામક મંડળ અને પશુપાલકોને આપું છું : ચેરમેનશ્રી**

દૂધ અને મહિલા જાગૃતિ અંગેનો આજે ત્રીજો દિવસ હતો. ગઈકાલ રાતથી જ કાળાડિબાંગ વાદળોએ સમગ્ર ઉત્તર ગુજરાતના આકાશ ઉપર પોતાનો કબજો જમાવી દીધો હતો. સવારના 9 વાગ્યા હોવા છતાં સૂર્ય નારાયણના દર્શન દૂર્લભ હતા. જાણે હજું પરોઢિયું હોય એટલો આછો ઉજાસ હતો. તે છતાં પણ સિદ્ધપુર અને પાટણના પશુપાલક ભાઈ બહેનોનો ઉત્સાહ અકબંધ જોવા મળી રહ્યો હતો. વિપરીત વાતાવરણમાં પણ આજની પશુપાલકોની સંખ્યા અગાઉના બે દિવસોનો રેકોર્ડ તોડી દેનારી હતી. એટલા હદે કે - માનસિંહભાઈ હોલમાં વધારાની ખુરશીઓ મુકવી પડી તે છતાં જગ્યા ઓછી પડતાં ચેરમેન શ્રી. અશોકભાઈએ પોતાની નાભિની ઉદારતા દાખવતાં ઉભેલા તમામ પશુપાલકોને મુખ્ય મંચ ઉપર આવી જવાની હાકલ કરી ત્યારે સામાન્ય પશુપાલકોને મુખ્ય મંચ ઉપર જગ્યા મળતાં સાચા અર્થમાં "આવો સાથે મળીને સૌ સુખી થઈએ" સૂત્ર સાર્થક થતું જણાયું. ચેરમેનશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલ આજના આ દિવસે પશુપાલકોને ડેરીથી અવગત કરાવ્યા બાદ વૈજ્ઞાનિક પશુપાલન અંગેની તલસ્પર્શી જાણકારી આપવામાં આવી. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન દૂધસાગર ડેરીના વાઈસ ચેરમેન શ્રી. યોગેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી. રમેશભાઈ દેસાઈ (અબલુવા), શ્રી. રણજીતસિંહ સોલંકી, પ્રધાનજી ઠાકોર (ખારેડા), દૂરડા ડિરેક્ટરશ્રી. મંજુરઅલી બાલસાણીયા, શ્રી. અલ્કેશભાઈ દેસાઈ, હરિભાઈ પટેલ, ચમનજી ઠાકોર, MIDFT ના ડિરેક્ટર ભરતજી ઠાકોર, બફેલો બીડર્સના સભ્ય શ્રી. દલાભાઈ દેસાઈ, વિજયસિંહ રાજપુત (નેદ્રા) અને ડેરીના પૂર્વ ડિરેક્ટર કેશાજી ઠાકોર તથા મેપાજી ઠાકોરની સાથે દૂધસાગર ડેરીના MD શ્રી. ધીરજકુમાર ચૌધરી અને ED શ્રી. પ્રવિણકુમાર ભામ્બી ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળતા પૂર્વક સંચાલન દૂધસાગરના CS વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

# મિલ્ક ડે ના સન્માનીત પાટણ-સિદ્ધપુરના શ્રેષ્ઠ પશુપાલકો

| પાટણ | | | |
|---|---|---|---|
| ૧ | વિક્રમજી પી. ઠાકોર | મોટા વેલોડા | ૪૭,૮૭,૩૨૮ રૂા. |
| ૨ | કલ્પનાબેન સી. જોષી | સરીયદ | ૪૦,૪૫,૦૭૨ રૂા. |
| ૩ | મુમતાજબેન એચ.મનસૂરી | દુનાવાડા | ૩૬,૮૧,૫૫૨ રૂા. |
| ૪ | કાળીબેન આર. રબારી | ડાભી | ૩૪,૯૮,૩૪૨ રૂા. |
| ૫ | ભગાજી એમ. ઠાકોર | મોટા વેલોડા | ૩૦,૫૪,૧૪૯ રૂા. |
| ૬ | નેવરબાઈ એન. ઝાલા | પોપટપુરા | ૨૯,૨૯,૪૬૪ રૂા. |
| ૭ | શિલ્પાબેન જે. પટેલ | મોહનપુરા | ૨૮,૬૮,૯૭૯ રૂા. |
| ૮ | તારાબેન આર. પટેલ | સરવા | ૨૮,૧૭,૭૭૫ રૂા. |
| ૯ | રૂખીબેન બી. રબારી | એંદલા | ૨૭,૪૬,૩૯૦ રૂા. |
| ૧૦ | હરપાલભાઈ કે. રબારી | ખાનપુર(રાજ) | ૨૭,૦૫,૨૬૫ રૂા. |

| સિદ્ધપુર | | | |
|---|---|---|---|
| ૧ | હિફ્જુ રહેમાન હાજી | રવિયાણા | ૫૭,૦૯,૧૬૨ રૂા. |
| ૨ | જીગ્નેશભાઈ બી. પટેલ | ટૂંડાવ | ૫૧,૧૦,૮૯૩ રૂા. |
| ૩ | ચંપાબેન એમ. ચૌધરી | મામવાડા | ૪૧,૬૪,૨૯૦ રૂા. |
| ૪ | વાહીદ નુંરહુદ્દિન પલસાણીયા | લક્ષ્મીપુરા (વ) | ૩૬,૫૬,૦૯૬ રૂા. |
| ૫ | ગોપાલજી જે. રાજપુત | ખોલવાડા | ૩૫,૮૬,૮૫૬ રૂા. |
| ૬ | રતનભાઈ એમ. દેસાઈ | મેથાણ | ૩૪,૭૨,૬૯૬ રૂા. |
| ૭ | બબીબેન ડી.ચૌધરી | મામવાડા | ૩૧,૧૧,૫૪૯ રૂા. |
| ૮ | આરોડીયા યાસીનભાઈ | ભીલવણ | ૨૮,૯૫,૨૧૫ રૂા. |
| ૯ | ધુઉકા ઉમર રહીમ | લક્ષ્મીપુરા (વ) | ૨૮,૮૧,૭૧૪ રૂા. |
| ૧૦ | કાનજીભાઈ એલ. દેસાઈ | દિગડી | ૨૮,૧૦,૯૩૨ રૂા. |

પરિશ્રમ ની પૂજા





















તા.28 ડિસેમ્બર 2024
ચોથો દિવસ

# દૂધસાગર કાર્યક્ષેત્રના ખેરાલુ - વડનગર બ્લોક

## પશુપાલનને હવે આપણે સમૃદ્ધિની દિશામાં આગળ લઈ જવું હશે તો વૈજ્ઞાનિક આવિષ્કારોને અપનાવ્યા વગર છૂટકો નથી !! દશ ગાય ભેંસ રાખતા હોય તેટલી જ આવક છ ગાય ભેંસમાંથી લેવી પડશે : શ્રી અશોકભાઈ ચૌધરી








શ્રી અશોકભાઈ અને અમારા નિયામક મંડળે વહિવટ સંભાળ્યાના પહેલા દિવસથી આજ સુધી વ્યક્તિગત સ્વાર્થ અને વ્યક્તિગત હિતોને બાજુ ઉપર મુકી માત્ર ડેરી અને ડેરીના સાચા માલિકો અને હકદાર એવા પશુપાલકો માટે જ કામ કર્યું છે. અઢી જિલ્લાના પશુપાલકો - અઢી જિલ્લાના ગામના વાડાઓ - અઢી જિલ્લાના ગામના નેળીયાંઓ આ વાત જાણે છે પણ કેટલાકનો ગરાશ લૂંટાઈ ગયો છે. તેઓ આજે પણ કુદરતી ઉંઘ લઈ શકતા નથી. આવતા વર્ષે ડેરીની ચૂંટણીનો સમય છે ત્યારે મંથરા તત્વ ધરાવતા આવા લોકો તમારા કાન ફૂંકવા આવશે. રામરાજ્ય વખતે પણ આવી મંથરાઓને સારું વાતાવરણ માફક આવ્યું નહોતું એટલે આપણે બધાએ જાગૃત રહીને આવી મંથરાઓને જાકારો આપવાનો છે. અશોકભાઈના નેતૃત્વ હેઠળ અમે કમસેકમ ડેરીમાં રામરાજ્ય જેવું વાતાવરણ ઈમાનદારી અને ખાનદાની સાથે ઈશ્વર સાક્ષીએ કરી રહ્યા છીએ : શ્રી. સરદારભાઈ ચૌધરી

### દૂધ જેવા શુધ્ધ વ્યક્તિનું સન્માન

















ડિસેમ્બર માસની ઠંડીના આ દિવસોમાં મહેસાણા દૂધસાગર ડેરી ખાતે શતપ્રતિશત પોતાની દિવ્યતા અને ભવ્યતાથી ઉજવાતા વર્તમાન દૂધ અને મહિલા જાગૃતિ દિવસ ઉમંગ અને ઉલ્લાસનો અનોખો સંગમ ઉભો કરી રહ્યા છે ! લાખો પશુપાલકોની માતૃસ્વરુપા દૂધસાગર ડેરી લગભગ એક સપ્તાહથી ચાલી રહેલા પોતાના બાળકોના આ તહેવારથી ખુશ ખુશાલ હોય તેવી પ્રતિતિ વાતાવરણમાં પણ દેખાઈ રહી છે. શનિવાર તા. 28 ના રોજ મહેસાણા દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્ર માં આવતા ખેરાલુ અને વડનગર બ્લોકના પશુપાલકો માટે પોતાના પશુધન અને પોતાની દૂધસાગર ડેરીને નજીકથી જાણવાનો અને ઓળખવાનો દિવસ હતો. દૂધસાગર ડેરીના માનસિંહભાઈ પૃ. પટેલ હોલમાં લાગેલી વિશાળ LED સ્ક્રિનમાં ગાય ભેંસોનો ધંધો છોડી એક પશુપાલક મહિલા અમદાવાદ જવાનો હઠાગ્રહ કરી રહી હોય અને ત્યારે તેમના પતિ આ ભરેલું ઢોળીને અમદાવાદ ના જવાય અને ડેરીના દશ દિવસે આવતા પગારથી વ્યવહારો સારી રીતે સચવાય છે તેવી વાતોને લોકગીતમાં સાંભળી સમગ્ર માહોલ જાણે અશોકભાઈના આગમન બાદ દૂધના ધંધામાં સુરક્ષિત બન્યો હોય તેવો આનંદ વ્યક્ત કરી રહ્યો હતો. સંસ્થાના ચેરમેનશ્રીના અધ્યક્ષ પદે મળેલા આજના સમારંભમાં દૂધસાગર ડેરીના ડિરેક્ટર્સ અને ખેરાલુ ના ધારસભ્ય શ્રીમાન. સરદારભાઈ ચૌધરી, પ્રવિણભાઈ પટેલ, દશરથભાઈ જોષી, દૂરડાના ડિરેક્ટરશ્રી. જગતસિંહજી, શ્રી અયુબભાઈ, જિલ્લા ભાજપ મહામંત્રી અને MIDFT ના ડિરેક્ટર શ્રી. મહેશભાઈ પટેલ, અળખાજી ઠાકોર, બફેલો બિડર્સના ડિરેક્ટરશ્રી કાનાજી ઠાકોર, તખાજી ઠાકોર, મોંઘજીભાઈ ચૌધરી, સતલાસણા તાલુકા ભાજપ મહામંત્રી શ્રી. નાનજીભાઈ ચૌધરી, તાલુકા પંચાયતના ઉપપ્રમુખ શ્રી. કનુભાઈ બારોટ તથા APMC સતલાસણાના ચેરમેનશ્રી. વિરેન્દ્રસિંહ ઠાકોર, દૂધસાગરના પૂર્વ ડિરેક્ટર શ્રી. દિનેશભાઈ ચૌધરી અને કેવડાસણથી શ્રી. મહેન્દ્રસિંહજીની સાથે વિશાળ સંખ્યામાં વિસ્તારની ગ્રામીણ દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રી અને પશુપાલક ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.

# મિલ્ક ડે ના સન્માનીત ખેરાલુ-વડનગર ના શ્રેષ્ઠ પશુપાલકો

| ખેરાલુ | | | |
|---|---|---|---|
| ૧ | પરથીભાઈ સી. ચૌધરી | ઉમરી | ૮૧,૧૮,૬૫૧ રૂા. |
| ૨ | મંજુલાબેન એ. દેસાઈ | ખેરાલુ | ૭૬,૬૫,૮૫૪ રૂા. |
| ૩ | જગદિશજી ડી. ઠાકોર | ભીમપુર | ૭૦,૪૦,૪૩૯ રૂા. |
| ૪ | આનંદભાઈ જી. ચૌધરી | મછાવા | ૬૨,૪૪,૨૭૪ રૂા. |
| ૫ | પ્રકાશભાઈ કે. ચૌધરી | ફતેહપુરા | ૫૬,૬૯,૦૨૯ રૂા. |
| ૬ | નિકેશકુમાર ડી. ચૌધરી | ખેરાલુ | ૫૦,૩૮,૫૫૮ રૂા. |
| ૭ | દિનેશભાઈ પી. ચૌધરી | હનુમાન નગર | ૪૯,૬૭,૩૦૩ રૂા. |
| ૮ | બાબુભાઈ એમ. ચૌધરી | અરઠી | ૪૮,૩૨,૨૯૮ રૂા. |
| ૯ | જશુભાઈ વી. દેસાઈ | ખેરાલુ | ૪૬,૫૮,૯૧૭ રૂા. |
| ૧૦ | ઈજુબેન વી. ચૌધરી | મોટીભાલુપરા | ૪૫,૪૪,૯૫૩ રૂા. |

| વડનગર | | | |
|---|---|---|---|
| ૧ | શર્મિષ્ઠાબેન આર. ચૌધરી | સાગથળા | ૪૧,૦૨,૯૭૩ રૂા. |
| ૨ | મનિષાબેન એસ. ચૌધરી | વઘવાડી | ૪૦,૫૧,૮૬૧ રૂા. |
| ૩ | કાળુભાઈ એન. ચૌધરી | ગોરીસણા | ૩૬,૮૬,૦૩૦ રૂા. |
| ૪ | જસ્મીનભાઈ પી. ચૌધરી | સમોજા | ૩૫,૨૫,૯૬૪ રૂા. |
| ૫ | દિનેશભાઈ વી. ચૌધરી | અંબાવાડા | ૩૧,૩૦,૦૪૦ રૂા. |
| ૬ | જતનબેન જી. ચૌધરી | ગોરીસણા | ૩૧,૧૬,૮૭૬ રૂા. |
| ૭ | સવિતાબેન બી. ચૌધરી | ઉણાદ | ૩૧,૦૫,૮૪૫ રૂા. |
| ૮ | ગીરીશભાઈ બી. પટેલ | સબલપુર | ૩૦,૦૧,૩૪૧ રૂા. |
| ૯ | યોગેશભાઈ પી. ચૌધરી | સાગથળા | ૨૯,૨૫,૮૭૮ રૂા. |
| ૧૦ | જવલબેન એ. ચૌધરી | ગોરીસણા | ૨૮,૮૯,૫૫૫ રૂા. |






















તા.૩૦ ડિસેમ્બર ૨૦૨૪
પાંચમો દિવસ

# દૂધસાગર કાર્યક્ષેત્રના માણસા - વિજાપુર બ્લોક

**સ્વ.માનસિંહભાઈ સાહેબ અને મોતીબાપુના વખતથી ગોઠવાયેલી આ વ્યવસ્થા અદભૂત છે. તમે ગમે તેટલું દૂધ ઉત્પાદન કરો મંડળી તે લેવાની જ છે. વિશ્વમાં આવી વ્યવસ્થાઓ ખૂબ ઓછી હશે. દર દશ દિવસે આપણા ઉત્પાદનના આપણને પૈસા મળી જાય તેવા વ્યવસાયનો આપણે તેનો મહત્તમ લાભ લઈએ : અશોકભાઈ ચૌધરી**








### શ્રી કમલેશભાઈ પટેલ (ડિરેક્ટરશ્રી)

હાલમાં દૂધસાગર ડેરી દ્વારા દૂધનો ભાવ અને ભાવવધારો સારો મળી રહ્યો છે અશોકભાઇ અને અમારી ટીમ ડેરીનો સર્વાંગીં વિકાસ થાય તે માટે છેલ્લા ચાર વર્ષથી સતત કાર્યશીલ છે જેના શુભ પરિણામ મળી રહ્યા છે.



### શ્રી પ્રવિણભાઈ પટેલ (ડિરેક્ટરશ્રી)

હાલના આપણા ચેરમેન અશોકભાઇ સ્વ. મોતીબાપુની ફોટોકોપી છે. મેં ડેરીમાં આ માઇક પેલી વાર પકડ્યું છે પણ પેલી કહેવત છે : સો સોનીની એક લુહારની એમ અશોકભાઇએ ચાર વર્ષમાં દશ વર્ષનું ભેગું વળતર આપ્યું છે.



### શ્રી બળદેવભાઈ ચૌધરી (ડિરેક્ટરશ્રી)

અગાઉ ચાર વર્ષ પહેલાં આજ ડેરી હતી - આજ કર્મચારીઓ હતા તો પછી આજે જે નફો વહેચાય છે તે ક્યાં જતો રહેતો હતો ? 2013 થી શરુ થયેલ પશુપાલક હિત રક્ષક સમિતીની લડાઇના શુભ ફળ આ ચાર વર્ષમાં મળ્યા છે.



### શ્રી કનુભાઈ ચૌધરી (ડિરેક્ટરશ્રી)

હાલમાં ઘણો બધો ગ્રોથ સંઘ કરી રહ્યો છે અને પશુપાલકો ના હિતમાં નિર્ણયો લેવાનો પ્રયત્ન કરી રહ્યા છે. માણસા અને વિજાપુરમાં ડોલરની કમાણી માટે કેટલાક સમાજો વિદેશ ગયા હશે પણ બીજા સમાજો પશુપાલન કરી રહ્યા છે.

પવિત્રતાની પ્રતિષ્ઠા



















૨૯ ડિસેમ્બરની રવિવારની રજા બાદ આજે ખુલતા અઠવાડિયાના પ્રથમ દિવસ સોમવારે સૂર્યદાદાની રમણીય હાજરી અને ઠંડીના ચમકારા વચ્ચે મહેસાણા દૂધસાગર ડેરીના મહેમાન બન્યા હતા માણસા અને વિજાપુર વિસ્તારના પશુપાલક ભાઈઓ - બહેનો !! વહેલી સવારે નવ વાગ્યાના સુમારેથી જ ગાંધીનગર જિલ્લાની સરહદના આ બંને વિસ્તારો મહેસાણાની શોભા વધારી રહ્યા હતા. દૂધસાગર ડેરીના પ્રાંગણમાં ઉભી કરવામાં આવેલી પશુપાલનને લગતી પ્રદર્શીનીમાં રાખવામાં આવેલા વિવિધ ઓજારો અને મશીનરીને જોઈ સમજી તેના લાભાલાભ અંગેની જાણકારીઓ મહિલા પશુપાલકો જે રીતે મેળવી રહી હતી એ જોતાં પશુપાલન અને દૂધ ઉત્પાદનનો આ વ્યવસાય હજી વિકાસના ઉંચા ઉંચા શિખરો સર કરશે તે વિશ્વાસ સ્થાપિત થઈ રહ્યો હતો. દૂધસાગર દ્વારા મહેમાનોના આગમનમાં રાખવામાં આવેલ ચા-પાણી-નાસ્તાની વ્યવસ્થાને માન આપી સૌએ ડેરીના સ્વ. માનસિંહભાઈ હોલમાં સ્થાન ગ્રહણ કર્યું. ડેરીના ઉચ્ચ વેટરનરી વિભાગના અધિકારીઓએ વૈજ્ઞાનિક પશુપાલન અંગેની જાણકારી સાથે તલસ્પર્શી માહિતી આપી તો દૂધસાગર પશુપાલકોના દૂધમાંથી બનાવતા વિવિધ ઉત્પાદનો અને ડેરીની કામગીરી અંગે જાણકારી આપતાં અક્ષર સહ : પશુપાલકોને તમામ પાસાઓથી અવગત કરાવ્યા. મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીના અધ્યક્ષપદે મળેલ આજના દૂધ અને મહિલા દિવસના સમારોહમાં સંસ્થાના વાઈસ ચેરમેન યોગેશભાઈ પટેલ, ડિરેક્ટરશ્રી બળદેવભાઈ ચૌધરી, કનુભાઈ ચૌધરી, પ્રવિણભાઈ પટેલ, કમલેશભાઈ પટેલ તથા પૂર્વ ધારાસભ્ય શ્રી. રમણભાઈ પટેલ, પૂર્વ ભાજપ પ્રમુખશ્રી. નિતીનભાઈ પટેલ, દૂરડાના ડિરેક્ટરશ્રી મંગળભાઈ પટેલ, રસીકજી ઠાકોર, MIDFT ના ડિરેક્ટર શ્રી. રાજુભાઈ પટેલ, શ્રી પ્રકાશભાઈ ચૌધરી, બફેલો બિડર્સના ડિરેક્ટરશ્રી. ગોવાભાઈ ચૌધરી તેમજ દૂધ ઉત્પાદક હિતરક્ષક સમિતીના સભ્ય શ્રી. મહેશભાઈ ચૌધરીની સાથે સંસ્થાના MD શ્રી. ધીરજકુમારી ચૌધરી, ED શ્રી પ્રવિણકુમાર બામ્ભી, અને સંસ્થાના વેટરનરી હેડશ્રી મનોજભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતી રહી હતી.

# મિલ્ક ડે ના સન્માનીત માણસા-વિજાપુર ના શ્રેષ્ઠ પશુપાલકો

**માણસા**

| | | | |
|---|---|---|---|
| ૧ | રાજીબેન જે. ચૌધરી | બાપુપુરા | ૬૬,૬૦,૬૩૪ રૂા. |
| ૨ | દક્ષાબેન પી. ચૌધરી | બાપુપુરા | ૫૦,૦૩,૪૪૦ રૂા. |
| ૩ | સુનીતાબેન એમ. બારોટ | કરશનપુરા | ૪૮,૨૧,૫૭૪ રૂા. |
| ૪ | હંસાબેન પી. પટેલ | દેલવાડા (પ્રગતિ મહિલા) | ૪૪,૭૨,૪૬૨ રૂા. |
| ૫ | રમેશભાઈ એસ. પટેલ | માલોસણ | ૪૩,૮૨,૭૬૪ રૂા. |
| ૬ | ઉષાબેન બી. ચૌધરી | બદપુરા | ૪૩,૪૮,૯૦૯ રૂા. |
| ૭ | ભાવનાબેન એસ. પટેલ | દેલવાડા (પ્રગતિ મહિલા) | ૪૨,૩૦,૯૦૮ રૂા. |
| ૮ | નિલેષભાઈ એ. ચૌધરી | દગાવાડિયા | ૪૧,૦૩,૬૭૮ રૂા. |
| ૯ | ભરતભાઈ બી. પટેલ | રામપુરા(ફુ) | ૪૦,૯૭,૦૫૭ રૂા. |
| ૧૦ | બાબુભાઈ એન. ચૌધરી | પામોલ | ૩૮,૦૭,૫૦૧ રૂા. |

**વિજાપુર**

| | | | |
|---|---|---|---|
| ૧ | પરેશભાઈ એ. પટેલ | હિરપુરા | ૪૬,૫૯,૦૭૩ રૂા. |
| ૨ | વિમલકુમાર એમ. પટેલ | હરનાપુર | ૩૯,૮૨,૨૬૩ રૂા. |
| ૩ | મુકેશભાઈ ડી. પટેલ | રણસીપુર | ૨૯,૪૯,૦૮૬ રૂા. |
| ૪ | ખોડાભાઈ જે. રબારી | જેપુર | ૨૭,૬૩,૫૪૭ રૂા. |
| ૫ | નરસિંહભાઈ એસ. રબારી | ફલુ | ૨૪,૬૫,૮૭૨ રૂા. |
| ૬ | હસુમતીબેન કે. પટેલ | ફુદેડા | ૨૩,૯૬,૫૧૮ રૂા. |
| ૭ | કમલેશભાઈ એન. પટેલ | ટેચાવા | ૨૩,૩૧,૫૭૩ રૂા. |
| ૮ | જયંતીભાઈ ડી. પટેલ | પીરોજપુરા | ૨૨,૮૦,૪૦૮ રૂા. |
| ૯ | મહેશભાઈ પી. પટેલ | વજાપુર | ૨૨,૨૭,૧૮૫ રૂા. |
| ૧૦ | ગૌતમભાઈ એ. પટેલ | ખરોડ | ૨૦,૮૫,૯૪૧ રૂા. |






















તા.૩૧ ડિસેમ્બર ૨૦૨૪
છઠ્ઠો દિવસ

# દૂધસાગર કાર્યક્ષેત્રના મહેસાણા - વિસનગર બ્લોક

## વિતેલા છ દિવસોમાં આપણી ડેરીને આંગણે ઉજવાયેલા આ દૂધ અને મહિલા દિવસોમાં તમામ વિસ્તારના પશુપાલક ભાઈઓ - બહેનોને મળી એ આનંદ થયો છે જેનું વર્ણન શક્ય નથી. હવે તો, આ સંસ્થાનું ચારે તરફથી હિત જળવાય એજ આ જીવનનું લક્ષ છે : શ્રી અશોકભાઈ ચૌધરી








### શ્રી એલ. કે. પટેલ (ડિરેક્ટરશ્રી)

દૂધમાં ટેકાના સારા ભાવ મળ્યા- વર્ષના અંતે સારો ભાવ વધારો મળે છે - વેટરનરી વિભાગની સારી સુવિધાઓ મળી - સાગરદાણમાં સારી ક્વોલિટી મળી. આ બધું ત્યારે શક્ય બન્યું જ્યારે તમે અમારા ઉપર વિશ્વાસ મુકી આશિર્વાદ આપ્યા. આજે બોર્ડ મીટીંગમાં દરેક બાબતની સરસ મજાની ચર્ચા થાય છે. આ વાતાવરણ ડેરી માટે શુભ અને લાભનું છે. દૂધના ધંધામાં કદાપિ મંદી આવવાની નથી. સૌથી સારું વળતર પશુપાલન અને ખેતીમાં છે અને હું આપને ખાત્રી આપું છું કે આવનાર સમયમાં લોકો પશુપાલન અને ખેતી તરફ વળશે ત્યારે હવે દૂધના ભાવ કદી ઘટવાના નથી માટે આપ સૌ વ્યવસાયમાં આગળ વધો તેવી વિનંતી કરું છું.



### શ્રી મયંકભાઈ નાયક (રાજયસભા સાંસદ)

આજે મહિલા જાગૃતિ અને દૂધ દિવસ નિમીત્તે આ સંસ્થાના ચેરમેન શ્રી. અશોકભાઈએ મને આમંત્રણ આપી આટલી બધી પરસેવાની પૂજા કરતી અને દેશના ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરતી માતાઓ - બહેનોના દર્શન કરવાની તક આપી તે બદલ હું એમનો ખૂબ આભારી છું. મારુ કાર્યાલય તમામ માટે હંમેશાં ખુલ્લું છે. આપની સમસ્યાઓને ઉકેલવાની આપ તક આપશો તો હું આપનો ઋણી રહીશ. કેન્દ્રની મોદી સાહેબની સરકાર સતત પશુપાલકો અને ખેડૂતોના પડખે ઉભી છે તથા કેન્દ્રનું સહકાર મંત્રાલય સંભાળતા આપણા અમિતભાઈ શાહ સાહેબ સતત તેનું ચિંતન કરી રહ્યા છે.



### શ્રી હરીભાઈ પટેલ (લોકસભા સાંસદ–મહેસાણા)

સ્વ. માનસિંહભાઇ અને મોતીભાઈના એક વિચારથી આ વિસ્તારને આવડી મોટી દૂધસાગર ડેરી મળી. સ્વ.આત્મારામ કાકાના એક વિચારથી આ જિલ્લાને આવડી મોટી બેંક મળી અને ગણપતભાઈના એક મોટા વિચારથી આપણને આવડી મોટી યુનિર્વસીટી મળી. સારા વિચારની આ તાકાત છે. શ્રી. અશોકભાઈને જાહેર જીવનમાં આવ્યો ત્યારથી ઓળખું છું. તેઓને આ સંસ્થા આટલી સરસ રીતે ચલાવવા બદલ તેમના હકારાત્મક વિચારોને વંદન અભિનંદન આપું છું. કેમીકલના કારખાનામાં પાંચ દશ હજાર કમાવા કરતાં એક બે ગાય ભેંસ રાખી કુદરતી વાતાવરણમાં વિકાસ કરવો ઘણો સારો છે.

વર્ષ 2024 નો આજે છેલ્લો દિવસ હતો. પણ, આ દિવસ દૂધસાગર ડેરીની ધરતી ઉપર પોતાની યાદોની અમિટ છાપ સદા માટે છોડી જવા માગતો હોય એમ મહિલા જાગૃતિ અને દૂધ દિવસના આ છેલ્લા દિવસે સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરી દૂધસાગર ડેરીમાં જે વિસ્તારનું પ્રતિનિધીત્વ કરી રહ્યા છે તે મહેસાણા અને વિસનગર વિસ્તારના હજારો પશુપાલક બહેનો અને માતાઓએ આજે આ વિસ્તારની દેવી ગણાતી અને એક અર્થમાં મંદિરની પવિત્રતા ધરાવતી દૂધસાગર ડેરીની વાટ પકડી હતી. વિતેલા છ દિવસોમાં સૌથી વધુ સંખ્યા આજના દિવસે જોવા મળતી હતી. દૂધસાગર ડેરીનો વર્તમાન વિકાસ જાણે ફુલ ગુલાબી ઠંડી બનીને સુખ આપતો હોય તેવી ખુશી માતાઓ બહેનોના ચહેરાઓ ઉપર સ્પષ્ટ વર્તાઈ રહી હતી. સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીના અધ્યક્ષ સ્થાને મળેલ આજના મિલ્ક ડે માં મહેસાણાનું પ્રતિનિધીત્વ કરતા અને દિલ્હીમાં આ વિસ્તાર માટે અવાજ ઉઠાવતા જનપ્રતિનીધીઓની પણ સૂચક હાજરી હતી. જે સોનામાં સુવાસ ભેળવી રહી હોય તેવું પૂરવાર કરતી હતી. મહેસાણા લોકસભાના સાંસદ શ્રી. હરીભાઈ પટેલની સાથે રાજ્ય સભાના સાંસદ શ્રી મયંકભાઈ નાયક અને દૂધસાગરના વિસનગર વિસ્તારનું પ્રતિનિધીત્વ કરતા ડિરેક્ટરશ્રી. એલ. કે. પટેલ, દિલીપભાઈ ચૌધરી, દૂરડાના ડિરેક્ટરશ્રી. બાબુભાઈ ચૌધરી, રમેશભાઈ ચૌધરી અને બફેલો બિડર્સના ડિરેક્ટર શ્રી. હીરાભાઈ ચૌધરી, અશ્વિનભાઈ પટેલ, કાંનાજી ઠાકોર, MIDFT ડિરેક્ટર શ્રી. મહેશભાઈ પટેલ, ગણેશભાઈ (બોરીયાવી), ઉત્તર ગુજરાત યુનિર્વસીટીના સિન્ડીકેટ શ્રી. દિલીપભાઈ ચૌધરી, અનુસુચિત જનજાતી નિગમના પૂર્વ ચેરમેન શ્રી. રમેશભાઈ સોલંકી, વિસનગર APMC ના ચેરમેન શ્રી. પ્રિતેશભાઈ પટેલ, APMC મહેસાણાના ચેરમેન શ્રી. જ્યંતીભાઈ પટેલ, જિલ્લા સહકારી સંઘના ચેરમેનશ્રી. રાજુભાઈ પટેલ, તાલુકા ખરીદ સંઘના શ્રી. મુકેશભાઈ ચૌધરી, APMC મહેસાણાના ડિરેક્ટર શ્રી વિષ્ણુભાઈ ચૌધરી, દૂધસાગર ડેરીના શુભચિંતક શ્રી. દશરથભાઈ ચૌધરી (રંડાલા), શ્રી. રાજુભાઈ ચૌધરી (વકીલ), ભરતભાઈ (રાવડાપુરા), અશોકભાઈ (આંબલીયાસણ) ની પ્રેરક હાજરી રહી હતી.

# મિલ્ક ડે ના સન્માનીત મહેસાણા-વિસનગર ના શ્રેષ્ઠ પશુપાલકો

| મહેસાણા | | | |
|---|---|---|---|
| ૧ | હર્ષદકુમાર એમ. ચૌધરી | પુનાસણ | ૧,૬૦,૮૭,૪૯૭ રૂા. |
| ૨ | જતીનકુમાર બી. પટેલ | કંસારાકુઈ | ૫૭,૮૯,૩૨૨ રૂા. |
| ૩ | કાન્તાબેન એમ. દેસાઈ | માંકણજ | ૩૯,૦૮,૮૧૧ રૂા. |
| ૪ | કાનજીભાઈ આઈ.રબારી | ખેરવા | ૩૭,૦૬,૪૨૩ રૂા. |
| ૫ | વિજયભાઈ આર. ચૌધરી | ગોકળગઢ | ૩૫,૧૨,૭૫૮ રૂા. |
| ૬ | મુકેશભાઈ બી. ચૌધરી | ગઢા | ૩૪,૮૫,૧૭૭ રૂા. |
| ૭ | દિનેશભાઈ એમ. દેસાઈ | તાવડીયા | ૩૨,૮૯,૫૧૦ રૂા. |
| ૮ | ગોવિંદભાઈ એમ. રબારી | ગઢા | ૨૭,૭૬,૨૪૬ રૂા. |
| ૯ | દક્ષાબેન આર. ચાવડા | મગરોડા | ૨૬,૫૮,૮૮૭ રૂા. |
| ૧૦ | અમરતભાઈ એસ. દેસાઈ | મેઉ | ૨૬,૧૪,૯૧૭ રૂા. |

| વિસનગર | | | |
|---|---|---|---|
| ૧ | યોગેશભાઈ એસ. પટેલ | ઉપેરા | ૭૮,૫૭,૭૪૪ રૂા. |
| ૨ | શબ્બીરભાઈ વી. પટેલ | આદર્શ-કેશીમ્પા | ૬૭,૦૦,૮૧૮ રૂા. |
| ૩ | જ્યંતીભાઈ એમ. પટેલ | લક્ષ્મીપુરા(ઐઠોર) | ૬૬,૭૪,૩૧૯ રૂા. |
| ૪ | સવિતાબેન ડી. ચૌધરી | દઢીયાળ | ૫૬,૯૦,૦૦૩ રૂા. |
| ૫ | હીરાબેન એચ. ચૌધરી | ગુંજા | ૫૫,૨૭,૦૧૦ રૂા. |
| ૬ | શારદાબેન બી. ચૌધરી | રંગાકુઈ | ૪૯,૩૨,૮૨૮ રૂા. |
| ૭ | ઈજુબેન બી. ચૌધરી | પ્રતાપગઢ | ૪૧,૮૬,૭૨૬ રૂા. |
| ૮ | દિલીપભાઈ એસ. ચૌધરી | રંગાકુઈ | ૩૭,૭૩,૮૧૭ રૂા. |
| ૯ | સતીષભાઈ એ. પટેલ | ઉપેરા | ૩૫,૪૫,૧૧૨ રૂા. |
| ૧૦ | હાર્દિકકુમાર બી. સોની | ગુંજા | ૩૫,૨૬,૮૭૨ રૂા. |


















## એકજ મહિનામાં પ્રાપ્ત થયા જુદી જુદી શ્રેણીના સન્માનજનક ત્રણ પુરસ્કાર




વિતેલા ચાર વર્ષોમાં મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ ની કાર્યશૈલી તથા પારદર્શક વહિવટીય પ્રણાલિકાની નોંધ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ લેવાઇ રહી છે. ગત ડિસેમ્બર 2024 દરમ્યાન મહેસાણા દૂધસાગર ડેરીને એક જ માસમાં જુદી જુદી શ્રેણીના પ્રતિષ્ઠીત ત્રણ એવોર્ડ પ્રાપ્ત થવા પામ્યા છે જે દૂધસાગર ડેરીના 64 વર્ષના ઈતિહાસમાં પ્રથમવાર નોંધાવા પામ્યા છે. જેમાં ઈન્ડિયા ફુડ સમિટ દ્વારા દૂધસાગર ડેરીને બેસ્ટ ફંક્શનલ ફુડ કંપની તરીકે નવાજવામાં આવી હતી. તો, IDA દ્વારા બેસ્ટ સસ્ટેનેબલ કામગીરીને ધ્યાનમાં રાખી મહેસાણા દૂધસંઘને એક બીજો એવોર્ડ પ્રાપ્ત થયો છે. આજ ડિસેમ્બર માસ દરમ્યાન અમૂલ ફેડરેશન દ્વારા પણ દૂધસાગર ડેરીને નવી દૂધ પ્રોડક્ટસ્ ના ઉત્પાદનમાં બેસ્ટ કામગીરીનો પુરસ્કાર પ્રાપ્ત થયો છે. સંસ્થાનું પ્રતિનિધીત્વ કરતાં દૂધસાગરના MD શ્રી. ધીરજકુમાર ચૌધરી અને ઈન્ચાર્જ ED શ્રી. પ્રવિણકુમાર બાંમ્ભીએ આ પુરસ્કાર સ્વિકાર્યા હતા. દૂધસાગર ડેરીની આ સફળતા અંગે પોતાની ખુશી વ્યક્ત કરતાં સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરી તથા નિયામક મંડળના સભ્યશ્રીઓએ તમામ કર્મચારીઓ અને છ લાખ દૂધ ઉત્પાદકોને અભિનંદન પાઠવ્યા હતા.

## અમેરિકાના એવોર્ડનો ઉત્સાહ સરસ્વતી તાલુકાના વાયડ ગામે વ્યક્ત કર્યો !!







મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીના વિતેલા ત્રણ વર્ષના કામોનું મૂલ્યાંકન કરી અમેરિકા દ્વારા તેઓશ્રીને પ્રથમ ભારતીય તરીકે કો. ઓપરેટીવ ચેમ્પિયન એવોર્ડ (OCDC) એનાયત થયો તેની ખુશી ડેરીના તમામ કાર્યક્ષેત્રમાં જોવા મળી રહી છે. પોતાના ચેરમેનની અમેરિકા દ્વારા કદર થવી એ સૌ કોઇ માટે ગૌરવની ક્ષણ હોવાથી સૌ કોઇ આ બાબતે અશોકભાઇ ચૌધરીના ઓવારણાં લેવા માગે છે. સરસ્વતી તાલુકાના વાયડ મુકામે ભાતીગળ છત્રીઓ અને ઢોલ નગારાં શરણાઇઓ સાથે અશોકભાઇ ચૌધરી માટે આદર વ્યક્ત કરવામાં આવ્યો હતો. જેમાં ડેરીના ડિરેક્ટર શ્રી. અમરતભાઇ દેસાઇ, શ્રી રમેશભાઇ દેસાઇ, શ્રી પ્રધાનજી ઠાકોર અને પાટણ APMC ચેરમેનશ્રી. સ્નેહલભાઇ પટેલ સહિત દૂરડાના ડિરેક્ટરો અને વિવિધ દૂધ મંડળીઓના પ્રમુખ મંત્રીશ્રીઓ તથા સહકારી આગેવાનો અને વિશાળ સંખ્યામાં પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

## પવિત્રતાનો પડઘો :

- દૂધના ભાવમાં તબક્કાવાર રુ.170 વધાર્યા ફાયદો થયો :
  **૧૮૫૮ કરોડ રૂપિયા**
- ત્રણ વર્ષમાં પશુપાલકોને ચૂકવાયેલો કુલ ભાવવધારો :
  **૧૦૯૮ કરોડ રૂપિયા**
- પશુસારવાર ફીમાં ઘટાડો કરવાથી ફાયદો થયો :
  **૧૨ કરોડ રૂપિયા**
- સાગરદાણના ભાવ ઓછા રાખવાથી ફાયદો થયો :
  **૧૭૨ કરોડ રૂપિયા**

## વર્ષ ત્રણ અને પશુપાલકોને ફાયદો થયો

# ૩૩૫૧ કરોડ રૂપિયા

- પશુપાલક સભાસદની વિમા યોજનામાં ફેરફાર કરવાથી ફાયદો થયો :
  **૧૨ કરોડ રૂપિયા**
- હલકા દૂધની પોલીસીમાં ફેરફાર કરવાથી ફાયદો થયો :
  **૧૯૯ કરોડ રૂપિયા**

સત્યનું સન્માન

## પાટણ APMC ખાતે દૂધસાગરના ચેરમેનશ્રી અને રાજ્યસભા સાંસદને સન્માનવામાં આવ્યા



તા.23 ડિસેમ્બર 2024 અને સોમવાર ના રોજ પાટણ APMC ખાતે શ્રી. સિધ્ધહેમ સેવા ટ્રસ્ટ ના સૌજન્યથી APMC પાટણના ચેરમેનશ્રી. સ્નેહલભાઇ પટેલ દ્વારા ગૌસેવા સાથે સન્માનનો એક અનોખો કાર્યક્રમ યોજાયો હતો. તાજેતરમાં મહેસાણા દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરીને અમેરિકા દ્વારા OCDC એવોર્ડથી પુરસ્કૃત કરવામાં આવ્યા તે બદલ તેમનો અને રાજ્યસભા સાંસદ શ્રી. મયંકભાઇ નાયકને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમમાં સિધ્ધહેમ સેવા ટ્રસ્ટનો મુખ્ય આશય જળવાય અને ગૌ સેવા સાથે સત્યનું સન્માન થાય તે બાબતની અનોખ પરંપરા ના દર્શન થયા હતા. આ પ્રસંગે રાજ્યસભા સાંસદ શ્રી. મયંક નાયકે સહકારી માળખાનું મહત્વ સમજાવતાં જણાવ્યું હતું કે ; સહકારીતા એ ભારતના મૂળ સંસ્કારોમાં સમાયેલું ધન છે જેનું જતન આપણને સમૃધ્ધિ અપાવશે. તો, દૂધસાગર ડેરીના ચેરમેનશ્રીએ આ વિસ્તારની જીવાદોરી સમાન દૂધસાગર ડેરીના વર્તમાન વહિવટનો પરિચય આપતાં વિતેલા 14 વર્ષોની સરખામણીમાં છેલ્લા ચાર વર્ષ ડેરીના સુવર્ણકાળ સમાન રહા છે. આ વર્ષોમાં દૂધ ઉત્પાદકોને સારામાં સારા દૂધના ભાવ ચૂકવાયા છે તેમજ વાર્ષિક નફો ચૂકવાયો છે. અગાઉ જે વાર્ષિક ભાવવધારો 125 કરોડ હતો તે આજે 402 કરોડ સુધી પહોંચાડવાનું ભગીરથ કામ થયું છે. ડેરીમાં અગાઉ જે દૂષણો અને બદીઓ હતી તેને દૂર કરવા માટે કેટલાક કઠોર નિર્ણયો લેવાયા જેના કારણે વહિવટમાં પારદર્શીતા આવી ડેરીના અસલ માલિકો એવા પશુપાલકોના ઘર સુધી તેમના હકનો રુપિયો પહોંચતો થયો. સમગ્ર નિયામક મંડળ આજે દૂધસાગર ડેરીનો ચો તરફી વિકાસ થાય અને વિકાસનો ફાયદો ડેરીમાં દૂધ ભરાવતા લોકોને મળે તે દિશામાં સતત કાર્યશીલ છે. ઉપસ્થિત જનમેદનીને સંબોધતા તેઓએ પોતાને મળેલો આ આંતરરાષ્ટ્રિય એવોર્ડ દૂધની દોહનારી માતા બહેનોને અર્પણ કરી ભવિષ્યમાં દૂધના ભાવ અને દૂધનો ભાવ વધારો કદાપિ ઘટશે નહીં તેની ખાતરી આપી હતી. આ સાથે પોતાના વહિવટથી આ પહેરેલા સફેદ ઝભ્ભાને કદી ડાઘ નહીં પડે તેવી વાત કરી ઉપસ્થિત લોકોનું મન મોહી લીધું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન ભાજપ પાર્ટી પ્રદેશના પૂર્વ મહામંત્રી શ્રી કે. સી પટેલ, ભાજપ પ્રદેશના ઉપાધ્યક્ષ શ્રી. નંદાજી ઠાકોર, જીલ્લા ભાજપના પ્રમુખશ્રી. દશરથજી ઠાકોર સહિત મોટી સંખ્યામાં સહકારી આગેવાનો અને પશુપાલકો ઉપસ્થિત રહા હતા. કાર્યક્રમમાં ભાગ લેનાર શ્રોતાઓએ હજારોની સંખ્યામાં રોટલા - રોટલી આપી ગૌ સેવાના ઉમદા ઉદ્દેશને સિધ્ધ કર્યો હતો.

સહકારીતાનું સન્માન

## કેબિનેટ મંત્રી બળવંતસિંહ રાજપુતની પ્રેરક ઉપસ્થિતીમાં સિધ્ધપુરના ખોલવાડા ગામે અશોક ચૌધરીને સન્માન અપાયું





**અશોકભાઈ ધંધાની સમજ અને વેપારની શાખ બંને જાણે છે તેઓએ અમેરિકાનો આ એવોર્ડ મેળવી સમગ્ર ગુજરાતના સહકારી ક્ષેત્રનું સન્માન વધાર્યું છે : શ્રી. બળવંતસિંહ રાજપુત**

તાજેતરમાં સિધ્ધપુર તાલુકાના ખોલવાડા દૂધ ઉત્પાદક મંડળી અને દૂધ ઉત્પાદક હિત રક્ષક સમિતિ દ્વારા દૂધસાગર ડેરીના કર્તવ્યનિષ્ઠ ચેરમેનશ્રીને અમેરિકાના OCDC દ્વારા આંતરરાષ્ટ્રીય કો.ઓપ. ચેમ્પિયન એવોર્ડ પ્રાપ્ત થયો તે માટેની પશુપાલકોની ખુશી વ્યક્ત કરતાં એક કાર્યક્રમનું આયોજન ખોલવાડા ગામે કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય સરકારના કેબીનેટ મંત્રીશ્રી. બળવંતસિંહ રાજપુતના અધ્યક્ષ સ્થાને દૂધસાગર ડેરીના યશસ્વી ચેરમેનશ્રી. અશોકભાઇ બી. ચૌધરીને સન્માનવાના આ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દૂધસાગર ડેરીના નિયામક મંડળના સભ્ય અને ખેરાલુના ધારાસભ્ય શ્રી. સરદારભાઇ ચૌધરી, પૂર્વ વાઇસ ચેરમેન અમરતભાઇ દેસાઇ, ડિરેક્ટર શ્રી. રણજીતસિંહ સોલંકી, પ્રધાનજી ઠાકોર, પાટણ APMC ના ચેરમેનશ્રી. સ્નેહલભાઇ પટેલ, સિધ્ધપુર APMC ના ચેરમેનશ્રી. વિષ્ણુભાઇ પટેલ, ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ શ્રી. નંદાજી ઠાકોર, MDCC બેંકના ડિરેક્ટર શ્રી. જશુભાઇ પટેલ, સિધ્ધપુર નગરપાલિકાના પ્રમુખ સુજ્ઞશ્રી. અનિતાબેન પટેલ, સિધ્ધપુર ભાજપ શહેર પ્રમુખ શ્રી. જયેશભાઇ પંડ્યા અને MIDFT ના સદસ્ય ભરતજી ઠાકોર (સહેસા) સહિત મોટી સંખ્યામાં રાજકીય અને સહકારી આગેવાનો અને વિશાળ સંખ્યામાં નાગરિકો અને પશુપાલકો ઉપસ્થિત રહા હતા. પોતાના વહિવટના માત્ર ચાર વર્ષોમાં દૂધસાગર ડેરીની નામના વિશ્વ કક્ષાએ મુકનાર અશોકભાઇ ચૌધરીના આ સન્માન સમારંભમાં શ્રી. નંદાજી ઠાકોર, સ્નેહલભાઇ પટેલ, શ્રી. સરદારભાઇ ચૌધરી દ્વારા અશોકભાઇની કામગીરીની સહકારી ક્ષેત્રમાં જે સુવાસ ફેલાઇ છે તેના વખાણ કરતાં એક સહકારી આગેવાનની વ્યાખ્યામાં અશોકભાઇનું નામ શત્ પ્રતિશત બંધબેસે છે તેવો એક સૂર પ્રગટ કર્યો હતો. સમગ્ર કાર્યક્રમને દિવ્ય અને ભવ્ય બનાવવામાં ખોલવાડા દૂધ મંડળીના પ્રમુખ ગોપાલજી રાજપુત, દૂધ ઉત્પાદક હિત રક્ષક સમિતિના શ્રી સોમાજી દરબાર, વિજયસિંહ રાજપુત(નેદરા), નરેન્દ્રભાઇ ચૌધરી(સમોડા), રવિભાઇ પટેલ(ગાંગલસાણ)નો સિંહ ફાળો રહ્યો હતો.

## ગ્રામિણ દૂધમંડળીઓના વિકાસ અવિરત

### ખેરાલુ વિસ્તારની મોટા કોઠાસણા – નાના કોઠાસણા અને માધુપુરા દૂધમંડળીઓને મળી નવી સુવિધાઓ




પાછળના ચાર વર્ષોમાં મહેસાણા દૂધસાગર ડેરીની સાથે સાથે આ સંસ્થાના કાર્યક્ષેત્રમાં આવતી દૂધમંડળીઓ વધુમાં વધુ સુવિધાઓથી સૂસજ્જ બને અને વૈજ્ઞાનિક આવિષ્કારો અપનાવતી થાય તેવો સંસ્થાના ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરી અને સમગ્ર નિયામક મંડળનો અભિગમ રહ્યો હોવાથી વિતેલા ચાર વર્ષના લગભગ તમામ મહિનાઓમાં કોઇને કોઇ દૂધ મંડળીના નવા રુપ રંગના શુભારંભ થયા છે. આ સિલસીલાને યથાવત રાખતાં ગત 15 ડિસેમ્બરના રોજ સતલાસણા તાલુકાના મોટા કોઠાસણા - નાના કોઠાસણા મુકામે બંને દૂધ મંડળીઓના ગોડાઉન તથા માધુપુરા દૂધ મંડળીના નવિન મકાન અને બલ્ક કૂલરના શુભારંભ ચેરમેનશ્રી ના વરદ્હસ્તે થયા. જેમની સાથે ધારાસભ્ય શ્રી. સરદારભાઇ ચૌધરી, સતલાસણા APMC ના ચેરમેન શ્રી. વિરેન્દ્રસિંહ ચૌહાણ, શ્રી. કિશોરસિંહ ચૌહાણ, શ્રી.નાનજી ભાઇ ચૌધરી સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## લક્ષ્મીપુરા (નંદાસણ) દૂધમંડળીનો સુવર્ણજ્યંતિ મહોત્સવ ઉજવાયો

### મહેસાણા જિલ્લાની બે મોટી સહકારી સંસ્થાઓ દૂધસાગર ડેરી અને ડિસ્ટ્રીકટ બેંક સમૃદ્ધિની દિશામાં આગળ વધી સહકારને શોભા આપી રહી છે : શ્રી નિતીનભાઈ પટેલ



ગત તા.9 ડિસેમ્બરના રોજ લક્ષ્મીપુરા (નંદાસણ) દૂધમંડળીની સ્થાપનાના 50 વર્ષ પૂર્ણ થતાં મંડળીના હોદ્દેદારો દ્વારા સુવર્ણજ્યંતિ મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે દૂધ મંડળીના પ્રમુખ-મંત્રી અને પશુપાલકોને અભિનંદન આપવા માટે દૂધસાગર ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઇ ચૌધરી, ગુજરાત રાજ્યના પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી.નિતીનભાઇ પટેલ, મહેસાણા ડિસ્ટ્રીક્ટ બેંકના ચેરમેન શ્રી. વિનોદભાઇ પટેલ, પૂર્વ મંત્રીશ્રી. ઇશ્વરભાઇ મકવાણા અને વિશાળ સંખ્યામાં ગ્રામજનો તથા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શ્રી. નિતીનભાઇ પટેલે મહેસાણા જિલ્લાની આ બે મોટી સહકારી સંસ્થાઓની વર્તમાન કામગીરીથી પોતાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

## શ્રી મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ

**(સંરક્ષણ મંત્રાલય દ્વારા માન્ય અને દૂરડા-દૂધસાગર ડેરી સંચાલિત સૈનિક સ્કૂલ)**

### ધોરણ 6 અને ધોરણ 9 માટે પ્રવેશ પરીક્ષા (ENTRANCE EXAM 2025-26)

**નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) શૈક્ષણિક વર્ષ 2025-26 માટે દેશભરની સૈનિક શાળાઓ / નવી સૈનિક શાળાઓમાં ધોરણ 6 અને ધોરણ 9 માં પ્રવેશ માટે AISSEE-2025 દ્વારા ઓનલાઈન પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.**

**ઓનલાઈન અરજીપત્રકની વેબસાઈટ : https://aissee2025.ntaonline.in**

**ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ : 13-01-2025**

**શ્રી મોતીભાઈ ર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલમાં પ્રવેશ માટે ઓનલાઈન અરજી પત્રકમાં "SS + Approved NSS 40% Route" અથવા "Approved NSS 40% Route" વિકલ્પ પસંદ કરવો ફરજીયાત છે. અભ્યાસક્રમ CBSE અને માધ્યમ અંગ્રેજી છે.**

**વધુ માહિતી માટે સંપર્ક : MRCSSS, દૂધસાગર ડેરી કેમ્પસ, હાઈવે - મહેસાણા : 384002**
**ફોન નંબર : 7016812042, વેબસાઈટ : https://www.mrcsss.org**

**દૂધસાગર ડેરી, મહેસાણા-384002, ફોન નંબર : (02762) 253201 થી 253205**

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા